# બાળકોના શિક્ષકો અને તેમના મદદગારો માટેની માર્ગદર્શિકા

શરુઆત

"હે પ્રભુ, જે બાળકો તમારા પર ખૂબ પ્રેમ રાખે છે, તેમને શિક્ષણ આપવા મારી સહાય કરો".

**૧. પોલ તિમોથી ચિલ્ડ્રન સ્ટડીઝનો ઉપયોગ કરો.**



- પોલ તિમોથી સ્ટડી સેટવાર આવે છે. કેટલાક સેટો શેફર્ડસ સ્ટડીના છે (પાળક માટે) અને કેટલાક બાળકોના વિષયો પર છે. બાળકોના સ્ટડીના સાહિત્ય ઉપર "ચિલ્ડ્રન (બાળકો)" લખેલું હોય છે.
- મોટાઓ જે વિષયોનો અભ્યાસ કરે છે તે જે વિષયોનો બાળકો પણ કરે છે.
- મોટાઓ જે વિષયની વાર્તાઓ શીખશે તેને લગતી બાઈબલ વાર્તાઓ પી ટી સ્ટડી મારફતે શીખીને બાળકો સમય અગાઉ ઘણા વહેલા તૈયાર થઈ શકે છે. અને આ બાઈબલ વાર્તાઓ બાળકો સભા વખતે ભજવી બતાવી શકે છે.

**૨. બાળકોની જરુરીયાતોને અનુરુપ પ્રવૃત્તિઓ અભ્યાસ દરમ્યાન પંસદ કરો.**

- બાળકોના અભ્યાસમાં કેટલીક પ્રવૃત્તિઓ સમાયેલી છે. તેમાં વિક્લાપે છે. આમાથી સમયને અનુરૂપ પ્રવૃત્તિઓ જો પૂરતો સમય હોય તો તે પ્રમાણે પંસદ કરવી બાકીની છોડી દેવી.

**૩. ભજનસેવા વખતે રજુ કરવાની પ્રવૃત્તિઓ સન્ડેસ્કૂલ વખતે બાળકોને તૈયાર કરવા છે.**

- નાના બાળકો માટે, તેઓમાંના કેટલાક ને એક સાથે ઊભા રાખો તેઓ એક સાથે બોલે અથવા ગીતનું એક કોરસ ગાય.
- મુખપાઠ કલમો માટે પણ આ રીતનો ઉપયોગ થઈ શકે. નાના નાટકો, કાવ્યો, ગીતો કે ટૂંકી કલમો માટે તે વાપરી શકાય.
- કેટલાક બાળકો શાંત અને શરમાળ હોય છે પણ બીજા બાળકો સાથે તેમને જોડવાથી શરમ જતી રહે છે. અને તેઓ ભાગ લે છે.

**૪. બાળકો પાસે સરળ ગીતો તેમને આવડી શકે તેવા રાગમાં ગવડાવો.**

- પાઠ સાથે સરળ ગીતો જોડો અને ગાવા દ્વારા બાળકો આનંદ કરી શકે છે.
- અઠવાડિયાના વિષય ઉપરથી મોટા છોકરા સરળ ગીત બનાવી શકે જે આવડી શકે તેવા રાગમાં ગવડાવવા.

**૫. નાના બાળકો હાથ અને શરીરના હલનચલન દ્વારા શીખે.**

નાના બાળકોને વાર્તા કહેતી કે ગાતી વખતે તેમના આંગળીઓ, હાથ, પગ હલાવવાની ખૂબ મઝા પડે છે. ઉદાહરણ તરીકે દાઉદે ગોલ્યાથ રાક્ષસને માર્યો તે વાર્તા કહેવામાં તેમને પણ સહભાગી બનાવો.

- જ્યારે ગોલ્યાથ ઈસ્ત્રાએલના લશ્કરની નિંદા કરે છે ત્યારે બાળકો પોતાની મુક્કીઓ હવામાં ઉછળો તેવું કરવા દો.
- દાઉદ જયારે ગોફણ મારે છે ત્યારે બાળકો પણ ગોફણ મારતા હોય તેવો અભિનય કરવા દો.
- જ્યારે ગોલ્યાથ પડે ત્યારે બાળકો પણ જમીન પર પડી જાય, વિગેર.

નાના બાળકો ને રીપીટેશન (પુનરોચારણ) અને અવાજો ગમે છે. દા.ત.

- જો તમે કે તેઓ (બાળકો) ભલા સમરૂનીની વાર્તા કહો તો બાળકોને ગધેડાના ચાલવાનો અવાજ કરવા દો – ધર્મશાળામાં જતી વખતે ક્લોપ ! ક્લોપ ! ક્લોપ!
- આદમ અને હવાની વાર્તા કહેતી વખતે, સાપની વાત આવે ત્યારે બાળકો 'હિસ્સ ! હિસ્સ!' કેટલીવાર બોલે.

**૬. મોટા બાળકો શીખવવામાં મદદરૂપ થાય અથવા નાના છોકરાઓને શિસ્તમાં રાખે.**

- મોટા બાળકોએ શું કરવાનું છે તે તેમને સમજાવો.
- તેને સહેલું બનાવો. એક સમયે એક સ્ટેપ જ કરવું, આખે આખું નહિ.

**૭. બાળકોને મોટાઓ સાથે ભજન કરવા દો.**

- ભજન વખતે કુટુંબ જેવું વાતાવરણ ઊભું કરવું અને શક્ય એટલા બાળકોને વધારે સમાવવા.
- બાળકોના અભ્યાસમાં ભજનસેવા વખતે માટાઓ આગળ કરી બતાવવાની પ્રવૃત્તિઓનો પણ સમાવેશ ખાય છે.
- તે પ્રવૃત્તિઓની અગાઉથી સારી તૈયારી કરવી અને પહેલા બાળકો સમક્ષ રજુ કરવી.

**૮. નાના જૂથો બનાવીને બાળકો શું કહે છે તે સાંભળો અને તેમને ખ્રિસ્તમાં વૃદ્ધિ પામવામાં સહાય કરો.**

- પીટીએલટી સ્ટડી પ્રમાણે ભજનસેવા વખતે થોડો સમય ફાળવવામાં આવે છે જેમાં ત્રણથી પાંચના નાના જૂથો બનાવવામાં આવે છે. જેમાં વિશ્વાસીઓ એકબીજા સાથે વાત કરી શકે તેવા સભાજનોને તૈયાર કરો.
- આ પ્રવૃતિ બાઈબલ અભ્યાસ પછી રાખવી જેથી તેમાં પ્રશ્નો પૂછી શકાય અને તેઓ જવાબ આપી શકે.
- નવા કરાર ના શિક્ષણ પ્રમાણે આપણે એકઠા મળીએ ત્યારે આપણે ઘણી રીતોથી એકબીજાને શિખવી શકીએ કે સેવા કરી શકીએ. આમાં બાળકો પણ આવી જાય છે આ પ્રવૃત્તિ વખતે પવિત્ર આત્મા પરાક્રમથી કામ કરે છે.

**૯. નાના જૂથોમાં બાળકોની સાથે વાત કરતી વખતે તમે બાળકોને કઈ રીતે મદદ કરી શકો તે વિચારો**

- આ પ્રમાણે પૂછો !આજની વાર્તામાં તમને કઈ વ્યક્તિ સૌથી વધારે ગમી ? કેમ ?
- શું તમે તે વ્યક્તિ જેવા બનવા માંગો છો ? તે માટે તમારે શું કરવું પડશે ?
- શું તમારે ઘરમાં, સ્કૂલમાં કે પાડોશમાં એવા કોઈ પ્રશ્ન છે જે બાબતે આપણે પ્રાર્થના કરી શકીએ ?
- કઈ વ્યક્તિ ને તમે આ અઠવાડિયામાં મદદ કરી શકશો કે તેના પ્રત્યે ભલાઈ બતાવી શકશો ? તે માટે તમે શું કરશો?
- તમારા મમ્મી કે પપ્પાને ખુશ કરવા માટે તમે કરવા ધારેલી એક બાબત કહી શકશો ?
- આ અઠવાડિયામાં તમારા ભાઈ કે બહેનનો ખુશ કરવા તમે કઈ એક બાબત કરશો ?

**૧૦. બાળકોને બાઈબલ વાર્તાઓ ભજવી બતાવવા દો**

- બાળકોના અભ્યાસમાં ટૂકા સંવાદો હોય છે. પ્રથમ તેઓ સન્ડેસ્કૂલ દરમ્યાન કરે, ત્યારબાદ મોટાઓની મદદ વડે ભક્તિસભામાં રજુ કરે.
- બાઈબલની વાર્તાના નાટકો બાળકોને ગમે છે. આ નાટકોમાં બાઈબલના સત્યો તેમને યાદ રહે છે. સન્ડેસ્કૂલમાં તેમણે પ્રેક્ટીસ કરવાની જરૂર નથી. કારણ કે પ્રેક્ટીસ એ જ સન્ડેસ્કૂલની પ્રવૃતિ છે. આ નાટકોની કક્ષા સારી રાખવા તેમને ટૂંકા અને સરળ બનાવવા અને બાળકો પાસે લાંબાં સંવાદો ગોખાવવા નહિ.
- દાખલા તરીકે સન્ડેસ્કૂલમાં યહોશુઆ મૂર્તિપૂજક કનાનીઓ જોડે લડે છે તે વાર્તા શીખવતી વખતે કેટલાક બાળકોને યહોશુઆના સૈનિકો બનાવવા અને કેટલાક ને કનાની સૈનિકો.
- જો કોઈ વાર્તા શીખવતી વખતે તે ભજવવા માટે પૂરતા બાળકો ન હોય તો બાજુના વર્ગના બાળકોનો સમાવેશ કરી શકાય અથવા વર્ણન કરનાર તે ભાગ ફક્ત વાંચી જાય.
- શિક્ષક બાળકોને સંવાદ બોલતા શીખવી શકે પણ હાવભાવ બાળકોએ જ કરવા. તેઓ આમતેમ એકાદ મિનિટ માટે અવાજ કરતા દોડે અને તલવાર અને ઢાલ તરીકે વાપરવા માટેની શોધી લે પછી તે વાપરી બતાવે. આ પછી બાળકોને શાંત પાડવામાં થોડીવાર લાગે પણ આ રીતે બાળકો ઘણું વધારે શીખી શકે અને તેમને મઝા પડે.
- ભજનસેવાના આગેવાન પાસે પ્રત્યેક અઠવાડિયે આ નાટક રજુ કરવાની મંજુરી લો.

- જો તમારી પાસે દરેક ભાગ રજુ કરવા પૂરતા બાળકો નથી તો બાજુ ના વર્ગના બાળકોની મદદ લો. આ રીતના શિક્ષણથી ખ્રિસ્ત તરફ ફરવામાં આપણે બાળાકોની સહાય કરીએ છીએ.
- મોટા બાળકો સંવાદો ગોખે નહિ પણ તેનો સારાંશ સમજીને પોતાની રીતે બોલે તો વધારે સારુ કરી શકે છે. શરુઆતમાં આ અઘરું પડે પણ પછી બાળકો કલ્પાનાશક્તિ ચલાવતા શીખશે. અને નાટક વધારે અર્થપૂર્ણ બનશે. કેટલાક બાળકોને કલમો મુખપાઠ કરવી ગમતી હોય છે, તેમને તેમ કરવા દેવું.

**૧૧. શિક્ષણને લગતા ચિત્રો કે પદાર્થો તૈયાર કરો.**

- પદાર્થો - દાત. - ખ્રિસ્ત જગતનું અજવાળું છે. આ કલમ બોલતી વખતે સળગતી મીણબત્તી ઊંચી પકડી રાખે.
- ચિન્હો - દાત. - બાળકો વાત કરતી વખતે તેમણે જે પાઠ શીખ્યો હોય તેની આધારરુપ બાબત દર્શાવે. જેમ કે ઈસુ આંધળાને દેખતો કરે છે. તે સમજાવતી વખતે ‘દેવ પ્રેમ છે’ તેવું ચિન્હ દેખાડે. અથવા ત્રણ બાળકો એક ‘દેવ’ બીજો ‘પ્રેમ’ અને ત્રીજો ‘છે’ તેમ દર્શાવે.
- નૃત્ય દાત - ઈસ્રાએલપુત્રો લાલ સમુદ્ર પાર કરતી વખતે કોરી ભૂમિ પર ચાલીને પાર ગયા. આ વખતે બાળકો આનંદ વ્યક્ત કરવા માટે નૃત્ય કરે તે વખતે એક બાળક નિર્ગ. ૧૫ નું વિજયગીત વાંચે. હવાનું પરીક્ષણ કરનાર શેતાનને દર્શાવવા સાપ પ્રદર્શિત કરવા બાળકો વાંકીચુંકી લાઈન બનાવે. આગળ મોટા છોકરો રહે અને હિસ્સ હિસસ બોલતો સર્પાકાર રૂમમાં ફરે.

સામાન્ય વસ્તુઓ અથવા તમારી પાસે જે હોય તેનો ઉપયોગ કરો. તમારી કલ્પાનાશક્તિનો ઉપયોગકરો. સામાન્ય વસ્તુઓ બાઈબલના સત્યોનો ઉત્તમ રીત રજુ કરે છે. બાળકો રોજ જોતા હોય તે વસ્તુઓ વાપરો જેને કારણે જ્યારે તેઓ ફરી એ વસ્તુ જુએ ત્યારે પ્રભુને યાદ રાખે. કેટલીક વસ્તુઓ બાળકો હાથમાં પકડે અને તે વિષે વાતો કરે. ઉદા.

ઘાસ : બી વાવનારનું ઈસુનું દૃષ્ટાંત
પથ્થર પર દોરેલા ચહેરા : ખરાબ માણસો માટે ઉતરી ગયેલો ચહેરો, સારા માણસો માટે હસતો ચહેરો
લીલા પાંદડા : સારા માણસો પાણી પાયેલા ઝાડ જેવો છે. (ગી.શા. ૧)
ચીમળાયેલા પાંદડા - ઈસુએ ફળ વગરની અંજીરીને શ્રાપ આપ્યો (માર્ક ૧૧:૧૨-૨૪)
ઝાડુ - પવિત્ર આત્મા આપણા જીવનમાંથી પાપને વાળી નાખે છે.
સાબુ - પાપને ધોવા માટે ખ્રિસ્તનું લોહી એક જ સાબુ છે.
પાણીનું ગ્લાસ - સમરૂની બાઈને ઈસુએ જીવનનું પાણી આપવાનું વચન આપ્યું.
બે લાકડી જોડે બાંધેલી - વધસ્તંભ
કાગળ કાપીને બનાવેલી માછલી - પિતરનો વ્યવસાય
પેન્સિલ - આપણા નામ જીવન પુસ્તકમાં લખેલા છે.
ફળની ડીશ - પવિત્ર આત્માના ફળ (ગલા. ૫ :૨૨-૨૩)
ચોખાની ડીશ - ખ્રિસ્ત સાથે આપણું મહાન લગ્નજમણ પ્રક.૧૯:૬-૧૦
લાંબી લાકડી એક છેડે અણીદાર - સૈનિકોએ ખ્રિસ્તને વિંધ્યો તે ભાલો
હથોડી કે કરવત - નૂહે ઘણાં વર્ષો સુધી વહાણ બાંધકામનું કામ કર્યું.
ફૂલ - દેવની સુંદર સૃષ્ટિ (ઉત ૧ ) અથવા દેવ સર્વ પૂરૂં કરનાર (લુ૧૨:૨૨-૩૨)
કાંટાવાળી ડાળી - માણસ પાપમાં પડ્યું ત્યારે દેવનો શ્રાપ (ઉત્ત૩:૧૭-૧૯)

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net